Phone 079-23256731
079-23250456
079-23257419
Fax No 079-23250324
079-23250319

# OFFICE OF THE CHIEF ELECTORAL OFFICER

GUJARAT STATE

General Administration Department (Election Division)
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

ક્રમાંક: ઈએલસી-૧૦૨૦૧૭-૧૬૩૮-છ (SVEEP) તા. ૨૮.૦૭.૨૦૨૨

પ્રતિ

અગ્ર સચિવશ્રી (ઉચ્ચ અને તકનીકી શિક્ષણ)

શિક્ષણ વિભાગ, બ્લોક નં. ૫, ૮ મો માળ,

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.

2055
29/7/22
DS(CO-ord)

વિષય : મતદાર સાક્ષરતા કલબ્સ (ELCs) અંતર્ગત મતદાર જાગૃત્તિની પ્રવૃત્તિઓ યોજવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ભારતના ચૂંટણી પંચ દ્વારા દેશભરમાં તમામ વયજૂથના નાગરિકોમાં મતદાન વિશે જાગૃતિ વધે તે આશયથી મતદાર સાક્ષરતા કલબ્સ નામનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ શરુ કરવામાં આવેલ છે. જે અંતર્ગત તમામ કોલેજો અને અન્ય ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પણ પોતાનો સ્નાતક અભ્યાસ કરતા ૧૮-૨૧ વયજુથના વિદ્યાર્થીઓને લક્ષમાં લઈ મતદાર સાક્ષરતા કલબ્સની રચના કરવામાં આવેલ છે. મતદાર સાક્ષરતા કલબ્સ અંતર્ગત મતદારોની નોંધણી, ઈવીએમ અને વીવીપેટથી માહિતગાર કરવા, વિદ્યાર્થીઓને તેમના મતનું મહત્વ સમજવા માટે તેમજ વિશ્વાસપૂર્વક, સરળતાથી અને નૈતિક રીતે મતદાન કરવા માટે મદદ કરવી, મતદારોની ભાગીદારીના ખ્યાલને વિકસાવવો જેવા ઉદ્દેશ્યો નક્કી કરવામાં આવેલ છે. આ અન્વયે ગુજરાત રાજ્યની મોટાભાગની કોલેજો, યુનિવર્સીટીઓ અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પણ મતદાર સાક્ષરતા કલબ્સ સ્થાપવામાં આવેલ છે. આવી કલબ્સમાં વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી ચૂંટણી પ્રક્રિયામાં યુવાનોની સહભાગિતા સુનિશ્ચિત કરવામાં આવે છે.

આપનો વિભાગ જુદી જુદી યુનિવર્સીટીઓ તથા તે સાથે સંલગ્ન કોલેજો, પોલિટેકનિક કોલેજો અને અન્ય ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ મારફતે મોટા પ્રમાણમાં યુવા વિદ્યાર્થીઓ સાથે સંકળાયેલ છે. [ભારતના ચૂંટણી પંચ દ્વારા તારીખ : ૦૧.૧૦.૨૦૨૨ સુધીમાં અઢાર વર્ષ પૂર્ણ કરતાં હોય તેવા લાયકાત ધરાવતાં નવા મતદારોની નામ નોંધણીની ઝુંબેશ ઓગસ્ટ-સપ્ટેમ્બર : ૨૦૨૨ માસ દરમિયાન હાથ ધરવામાં આવનાર છે. આ દરમિયાન લાયકાત ધરાવતાં નવા મતદારોની મહત્તમ નોંધણી થાય તે માટે ચૂંટણી તંત્રને આપના વિભાગનો સહકાર મળી રહે તે અપેક્ષિત છે.]

~~ઉપરની વિગતે~~ [મતદારયાદીમાં નવા નામની નોંધણી તથા અન્ય વિગતોમાં સુધારા વધારા માટે મતદારો Voter Helpline App ડાઉનલોડ કરીને અથવા www.nvsp.in વેબપોર્ટલ અથવા મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીની વેબસાઈટ www.ceo.gujarat.gov.in પર ઓનલાઈન કરી શકે છે.] વધુમાં, મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૨૨ના ભાગરૂપે અત્રેથી ખાસ ઝુંબેશના દિવસો (તા.૨૧.૦૮.૨૦૨૨, તા.૨૮.૦૮.૨૦૨૨, તા.૦૪.૦૯.૨૦૨૨ તથા તા.૧૧.૦૯.૨૦૨૨) પણ નક્કી કરવામાં આવેલ છે.